**સંશોધન નિયામકશ્રીની અધ્યક્ષતામાં તા.૯-૧૦, ડીસેમ્બર ૨૦૧૪ ના રોજ કોન્ફરન્સ હોલ, સંશોધન નિયામકશ્રીની કચેરીમાં યોજાયેલ આયોજીત યોજનાઓની બીજી રીવ્યુ બેઠક તથા આઇસીએઆર ડેવલપ્મેન્ટ ગ્રાન્ટ સ્ટ્રેન્ધનીંગ એન્ડ ડેવલપ્મેન્ટ ઓફ હાયર એજયુકેશનની પ્રથમ રીવ્યુ બેઠકની કાર્યવાહી નોંધ:**

---

આયોજીત યોજનાઓની બીજી રીવ્યુ બેઠક તથા આઇસીએઆર ડેવલપ્મેન્ટ ગ્રાન્ટની પ્રથમ રીવ્યુ બેઠક ૯-૧૦, ડીસેમ્બર ૨૦૧૪ ના રોજ સંશોધન નિયામકશ્રીની અધ્યક્ષતામાં કોન્ફરન્સ હોલ, સંશોધન નિયામકશ્રીની કચેરી, યુનિવર્સિટી ભવન આણંદ ખાતે યોજવામાં આવેલ હતી.

વર્ષ ૨૦૧૪-૧૫ની આયોજીત યોજનાઓની પગાર-ભથ્થા, રીકરીંગ તથા નોન-રીકરીંગ સદરે હિસાબ નિયામકશ્રીની ઓફીસના કાર્યાલય આદેશ નં. એએયુ/કોમ્પ્ટ/બીજીટી/પ્લાન આર-૨/૩૯૯૯-૪૦૪૯/૧૪ તા. ૭/૦૮/૨૦૧૪ થી ચાલુ બાબત (વિભાગ-૨) ની ₹ ૪૨૩૧.૦૭ લાખની ગ્રાન્ટ, આફયુ/કોમ્પ્ટ/બીજીટી/પ્લાન / અનાવર્તક/૪૫૮૧-૯૧/૧૪ તા. ૨/૯/૨૦૧૪ થી રૂા.૫.૦૦ લાખથી ઉપરના નોન-રીકરીંગ સાધનોની ગ્રાન્ટ ₹ ૧૬૯.૫૦ લાખ તેમજ એએયુ/કોમ્પ્ટ/બીજીટી/પ્લાન એસ-૧/૫૨૫૩-૭૩/૧૪ તા. ૭/૧૦/૨૦૧૪ થી નવી બાબત (વિભાગ-૧) ની ₹ ૧૧૩૬.૭૩ લાખ મળી કુલ ₹ ૫૫૩૭.૩૦ લાખની ફાળવણી કરેલ છે. જેની સામે નવેમ્બર, ૨૦૧૪ અંતિત રૂા.૨૪૦૦.૯૯ લાખનો ખર્ચ થયેલ છે. જે ખૂબજ ઓછો હોવાથી, આયોજીત યોજનાઓમાં ક્વાર્ટરવાર સપ્રમાણ ખર્ચ થાય તે ધ્યાને લઈ, બીજી રીવ્યુ બેઠકનું આયોજન કરવામાં આવેલ હતુ.

પ્રસ્તુત બેઠકમાં આયોજીત યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓને તેમના હસ્તકની યોજનામાં પગાર-ભથ્થા, રીકરીંગ અને નોન-રીકરીંગ સદરે જોગવાઈ સામે નવેમ્બર, ૨૦૧૪ સુધીમાં થયેલ ખર્ચ અને ડીસેમ્બર, ૨૦૧૪ થી ૩૧ માર્ચ, ૨૦૧૫ ના આયોજન અંગે નિયત પત્રક ૧ અને ૪ માં જરૂરી માહિતિ સાથે ઉપસ્થિત રહેવા જણાવેલ હતુ.

આયોજન અધિકારીશ્રી દ્વારા સંશોધન નિયામકશ્રીની અનુમતિથી બેઠક શરૂ કરવામાં આવી તથા ઉપસ્થિત તમામ યોજનાના નિયંત્રણ અધિકારીઓને બેઠકમાં આવકારવામાં આવ્યા. આયોજન અધિકારી દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ માં આયોજીત યોજનામાં સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ ચાલુ બાબત (વિભાગ-૨) તેમજ નવી બાબત (વિભાગ-૧) ની જોગવાઈની વિગતવાર માહિતિ આપવામાં આવી. તેમજ ક્વાર્ટરવાર સપ્રમાણ ખર્ચ ન થવાથી તેમજ છેલ્લા કવાર્ટર તથા છેલ્લા માસમાં વધુ ખર્ચ થવા અંગે એ.જી. ઓડીટમાં પેરા આપવામાં આવેલ છે. તેની જાણકારી આપવામાં આવેલ તેમજ નવેમ્બર-૨૦૧૪ સુધી જોગવાઇ સામે ૪૩.૩૬ % ખર્ચ થયેલ છે. જે બાબતે ભવિષ્યમાં સપ્રમાણ ખર્ચ થાય તેવું આયોજન હાથ ધરવા જણાવેલ.

સંશોધન નિયામકશ્રી દ્વારા યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓને તેમના હસ્તકની યોજનાઓમાં પગાર-ભથ્થા, રીકરીંગ અને નોન-રીકરીંગ સદરે ક્વાર્ટરવાર સપ્રમાણ ખર્ચ થાય તેવું આયોજન કરવા અને ૧૫ જાન્યુઆરી,૨૦૧૫ સુધીમાં ખર્ચ કરવા સુચના આપવામાં આવેલ. નોન-રીકરીંગ સદરે મંજૂર થયેલ સાધનોની ખરીદી પૂર્ણ થાય તેવુ આયોજન કરવા સુચના આપવામાં આવેલ ઉપરાંત, નોન-રીકરીંગ સદરે વર્ષ ૨૦૧૩-૧૪

ના ખરીદી નહી કરેલ સાધનો માટે સ્પીલ ઓવર તરીકે ગ્રાન્ટ ફાળવેલ છે. જેની ખરીદી ડીસેમ્બર-૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવા સુચના આપવામાં આવી.

આચાર્યશ્રી,કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિધાલય, ગોધરાની કચેરીના અધિકારીશ્રી તરફથી બેઠકમાં તેમની હસ્તકની આયોજીત યોજના તેમજ આઇસીએઆર ડેવલોપમેન્ટ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ રજૂ કરેલ.

(₹ લાખમાં)

| ક્રમ | બજેટ સદર | ફાળવેલ ગ્રાન્ટ | | | | નવેમ્બર, ૨૦૧૪ સુધીમાં થયેલ ખર્ચ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પગાર ભથ્થા | રીકરીંગ | નોન-રીકરીંગ | કુલ | પગાર ભથ્થા | રીકરીંગ | નોન-રીકરીંગ | કુલ |
| અ | આયોજીત યોજના | | | | | | | | |
| ૧ | ૧૨૯૭૫-૦૦ | ૧૮૮.૧૬ | ૫૦.૦૦ | - | ૨૩૮.૧૬ | ૫૮.૬૬ | ૨૨.૭૫ | - | ૮૧.૪૧ |
| ૨ | ૧૨૯૮૭-૦૧ | ૩.૮૯ | ૨૨.૦૦ | ૧.૭૦ | ૨૭.૫૯ | ૧.૦૦ | ૦.૬૨ | ૦.૩૧ | ૧.૯૩ |
| ૩ | ૧૨૯૯૩-૧૦ | ૬.૩૬ | ૪.૬૦ | ૧૪.૫૦ | ૨૫.૪૬ | ૪.૯૦ | ૦.૨૭ | ૦.૦૦ | ૫.૧૭ |
| ૪ | ૧૨૯૯૩-૧૧ | ૬.૩૬ | ૫.૦૦ | - | ૧૧.૩૬ | ૧.૬૭ | ૦.૩૫ | - | ૫.૨૬ |
| ૫ | ૧૨૯૯૩-૧૨ | - | ૫.૦૦ | - | ૫.૦૦ | - | ૦.૫૭ | - | ૦.૫૭ |
| | કુલ: | ૨૦૪.૭૭ | ૮૬.૬૦ | ૧૬.૨૦ | ૩૦૭.૫૭ | ૧૪૦.૩૧ | ૨૯.૦૬ | ૦.૩૧ | ૯૪.૩૪ |
| બ | વર્ષ ૨૦૧૩-૧૪ની નોન રીકરીંગ સદરે ડીસેમ્બર ૨૦૧૪ સુધી સ્પીલઓવર તરીકે ફાળવેલ ગ્રાન્ટ | | | | | | | | |
| ૧ | ૧૨૯૮૭-૦૧ | - | - | ૦.૪૦ | ૦.૪૦ | - | - | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨ | ૧૨૯૯૩-૧૦ | - | - | ૫.૫૦ | ૫.૫૦ | - | - | ૦.૦૦ | ૦.૦૦ |
| | કુલ: | | | | ૫.૯૦ | કુલ: | | | ૦.૦૦ |
| ક | આઇસીએઆર ડેવલોપમેન્ટ ગ્રાન્ટ | | | | | | | | |
| 1 | ૧૫૩૦૬ | ૨.૦૦ | | | | ૦.૦૦ | | | |
| ૨ | ૧૫૪૦૬ | ૨.૦૦ | | | | ૦.૯૫ | | | |
| ૩ | ૧૫૫૦૬ | ૨.૦૦ | | | | ૦.૦૩ | | | |
| ૪ | ૧૫૬૦૫ | ૨.૦૦ | | | | ૦.૦૦ | | | |
| ૫ | ૧૫૭૦૬ | ૫.૦૦ | | | | ૦.૦૦ | | | |
| | કુલ: | ૧૩.૦૦ | | | | ૦.૯૮ | | | |

આચાર્યશ્રી,કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિધાલય, ગોધરા હસ્તકની આયોજીત યોજના સામે ખર્ચની પ્રગતિ ખૂબ જ નબળી હોઇ ખર્ચ ૧૫મી જાન્યુઆરી ૨૦૧૫ સુધીમાં થાય તેવું આયોજન હાથ ધરવા સૂચના આપવામાં આવી. જયારે સ્પીલઓવર ગ્રાન્ટ ડીસેમ્બર-૨૦૧૪ સુધીમાં ખર્ચ કરવા જણાવેલ છે. જયારે આઇસીએઆર ડેવલોપમેન્ટ હેઠળ ફાળવેલ ગ્રાન્ટ ₹ ૧૩.૦૦ લાખની સામે ₹ ૦.૯૮ લાખનો ખર્ચ ખૂબ જ ઓછો હોવાથી તેનું આયોજન કરવા પણ જણાવેલ છે.

યુનિટ વડાશ્રી, હલ્કા ધાન્ય સંશોધન યોજના, આકૃયુ,દાહોદ તરફથી બેઠકમાં તેમના હસ્તકની આયોજીત યોજનાઓની ગ્રાન્ટની વિગતો નીચે મુજબ રજૂ કરેલ. જેમાં ખાસ કરીને રીકરીંગ સદરે તેમના હસ્તકની આયોજીત યોજનાઓમાં ફાળવેલ ગ્રાન્ટ સામે ખર્ચની પ્રગતિ ઓછી હોઇ, ફાળવેલ ગ્રાન્ટનો વપરાશ ૧૫મી જાન્યુઆરી ૨૦૧૫ સુધીમાં થાય તેવું આયોજન હાથ ધરવા સૂચના આપવામાં આવી.તેમજ ઓછા ખર્ચના કારણે સરકારશ્રીમાં ગ્રાન્ટ તેના કારણો સહિત સરન્ડર કરવાની થશે, જે યોગ્ય નથી. આદિજાતિ વિસ્તાર હેઠળ ફાળવેલ ગ્રાન્ટની પ્રગતિ મા.મુખ્યમંત્રીશ્રી/મા.આદિજાતિ મંત્રીશ્રી દ્વારા હાથ ધરવામાં આવતી હોઇ તેની પ્રગતિ ૧૦૦ ટકા સિધ્ધ થાય તે જરૂરી છે.

(₹ લાખમાં)

| ક્રમ | બજેટ સદર | ફાળવેલ ગ્રાન્ટ | | | | નવેમ્બર, ૨૦૧૪ સુધીમાં થયેલ ખર્ચ | | | | રીકરીંગ સદરે ગ્રાન્ટની સામે માગણી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પગાર ભથ્થા | રીકરીંગ | નોન-રીકરીંગ | કુલ | પગાર ભથ્થા | રીકરીંગ | નોન-રીકરીંગ | કુલ | |
| અ | આયોજીત યોજના | | | | | | | | | |
| ૧ | ૧૨૯૭૮-00 | ૫.૪૧ | ૯.00 | 0.00 | ૧૪.૪૧ | ૧.૫૯ | ૧.૮૯ | 0.00 | ૩.૪૮ | ૫.00 |
| ૨ | ૧૨૦૦૫-00 | ૧૨.૫૧ | ૭.૮૦ | - | ૨૦.૩૧ | ૩.૨૫ | ૨.૯૭ | 0.00 | ૬.૨૨ | ૫.૮૦ |
| ૩ | ૧૨૦૦૭-00 | ૧૫.૯૮ | ૫.૩૦ | 0.૩૮ | ૨૧.૬૬ | ૭.0૬ | ૨.૧૫ | 0.00 | ૯.૨૧ | ૪.૩૦ |
| ૪ | ૧૨૯૧૬-00 | 0.00 | ૫.00 | 0.00 | ૫.00 | 0.00 | ૧.૨૫ | 0.00 | ૧.૨૫ | ૨.00 |
| ૫ | ૧૨૯૭૯-00 | ૧.૨૦ | ૪.૩૦ | 0.૬૦ | ૬.૧૦ | ૧.૫૨ | ૨.00 | 0.00 | ૩.૫૨ | ૪.૩૦ |
| ૬ | ૧૨૯૭૯-0૩ | ૧૩.0૧ | ૬.૫૦ | 0.00 | ૧૯.૫૧ | 0.00 | ૨.૬૪ | 0.00 | ૨.૬૪ | ૫.00 |
| ૭ | ૧૨૯૭૯-0૫ | ૨૨.૪૫ | ૬.00 | 0.00 | ૨૮.૪૫ | ૧૧.૪૩ | ૧.૪૬ | 0.00 | ૧૨.૮૯ | ૩.00 |
| | કુલ | ૭0.૫૬ | ૩૪.૯૦ | 0.૯૮ | ૧૧૫.૪૪ | ૨૪.૮૫ | ૧૪.૩૬ | 0.00 | ૩૯.૨૧ | ૨૯.૪૦ |

આઈસીએઆર ડેવલપ્મેન્ટ ગ્રાન્ટનું બજેટ હેડ "સ્ટ્રેન્થનીંગ એન્ડ ડેવલપ્મેન્ટ ઓફ હાયર એજ્યુકેશન ઈન ઈન્ડીયા" તથા "લાઈબ્રેરી સ્ટ્રેન્થનીંગ ઓફ એગ્રીકલ્ચર યુનિવર્સિટી" હેઠળ પ્રથમ હપ્તા પેટે અનુક્રમે ₹ ૧૯૦.00 લાખ તથા ₹ ૬૦.00 લાખની ગ્રાન્ટ આઈસીએઆર, નવી દિલ્હી તરફથી ફાળવવામાં આવેલ છે. ગ્રાન્ટના ખર્ચની પ્રગતિ ધીમી હોઇ, તાત્કાલિક ખર્ચનું આયોજન હાથ ધરવા કોલેજના આચાર્ય/ડીનશ્રીને સુચના આપેલ છે. જયારે નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ તરફથી બજેટ સદર-૧૫૭૦૯ હેઠળ

ફાળવેલ ₹ ૨.૦૦ લાખ પરત ખેચવા જણાવેલ, જે ધ્યાને લઇ તે પરત ખેચી અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ હસ્તક મૂકવાના થાય છે.

આમ, આયોજીત યોજનાઓમાં યોજનાના નિયંત્રણ અધિકારીશ્રી તરફથી જે તે બજેટ સદરની પરત આવેલ ગ્રાન્ટ અને યોજનાઓની આવક ધ્યાને લઇ, યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓની માગણી તેમજ ગ્રાન્ટની ઉપલબ્ધતા અનુસાર, બીજી રીવ્યુ બેઠકનાં અંતે ગ્રાન્ટની ફેરફાળવણી કરવાની થાય છે. અને તે મુજબ ખર્ચ થાય તેવુ આયોજન કરવા બેઠકના અંતમાં સુચના આપવામાં આવેલ.

અંતમાં, ઉપસ્થિત સહુનો આભાર માની બેઠક સમાપ્ત કરવામાં આવી.

જા.નં. આકૃયુ/સંશોધન/અયન-૨/ ૨૩૯૯૭.૯૯ /૧૪
તા. ૧૭/૧૨/૨૦૧૪

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

<u>નકલ સવિનય રવાના:</u>

૧. સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી તરફ ઘટતી કાર્યવાહી સારૂ.
૨. સર્વે આયોજીત યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી તરફ ઘટતી કાર્યવાહી સારૂ.

<u>નકલ રવાના:.</u>

માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.